# પુરવઠા વિભાગ અને એલસીબી ટીમની સંયુક્ત રેડ

**ગાંભોઇ પથકમાં પતરાના શેડ નીચે બિનઅધિકૃત રીતે બાયોડીઝલનો વેપલો કરતો પાટણનો શખ્સ રૂ. ૧૦.૮ લાખના મુદ્દામાલ સાથે ઝડપાયો : બાયોડીઝલ આશરે ૧૨ હજાર લિટર કિં રૂ. ૮૪૦૦૦/- તથા ઇલેક્ટ્રિક મોટરો, સ્ટેબિલાઇઝર, વોલ્ટેજ ટ્રાન્સફોર્મર, રબર પાઈપ તથા ડિસ્પેન્સરી પમ્પ સહિત કુલ રૂ. ૧૦૦૮૦૦૦/- નો મુદ્દામાલનો જથ્થો તપાસ અર્થે સીઝ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ**

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૦૧

સાબરકાંઠા જિલ્લા એલસીબી પોલીસ તથા પુરવઠા વિભાગની સંયુકત ટીમને બાયોડીઝલ ના નામે ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિ અંગે બાતમીના મળતાં ગાંભોઈ પંથકના ગામડી ગામની સીમમાંથી પતરાના શેડ નીચે ગેરકાયદેસર બિન - અધિકૃત રીતે બાયોડિઝલનો વેપલો કરનાર પાટણના શખ્સને બાયોડીઝલ આશરે ૧૨ હજાર લિટર કિં રૂ. ૮૪૦૦૦/- તથા ઈલેક્ટ્રિક મોટરો , સ્ટેબિલાઈઝર , વોલ્ટેજ ટ્રાન્સફોર્મર , રબર પાઈપ તથા ડિસ્પેન્સરી પમ્પ સહિત કુલ રૂ. ૧૦૦૮૦૦૦/- નો મુદ્દામાલનો જથ્થા સાથે ઝડપી પાડયા બાદ મુદ્દામાલનો જથ્થો તપાસ અર્થે સીઝ કરી આરોપી સહિત તેના ભાગીદાર વિરુદ્ધ ગાંભોઇ પોલીસ મથકે ગુનો રજિસ્ટર કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.







પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર પોલીસ મહાનિરીક્ષક અભય ચૂડાસમા ગાંધીનગર તથા પોલીસ અધિક્ષક નીરજકુમાર બડગુજરે દ્વારા સાબરકાંઠા જિલ્લામાં બાયોડીઝલના નામે ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિને ડામવા તથા કડક પગલા લેવા સૂચના આપવામાં આવી હતી.

એલસીબી પી.એસ.આઇ પોલીસ સ્ટાફ સાથે જિલ્લામાં બાયોડીઝલના નામે ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓની વોચમાં હતા દરમિયાન બાતમી મળી હતી કે ગામડી ગામની સીમમાં હિંમતનગર થી શામળાજી તરફ જતા નેશનલ હાઈવે રોડ ની બાજુમાં આવેલ રાધે આઈસ્ક્રીમ નામની આઇસ્ક્રીમ પ્લાન્ટની બાજુમાં બહારના ભાગે એક પતરાનો શેડ બનાવી કોઈ ઈસમ કોઈ પણ સત્તા કે અધિકારીની મંજૂરી લીધા વગર બાયોડીઝલ નામના જ્વલનશીલ પ્રવાહીનો જથ્થો કે જે અતી જોખમકારક હોવાનું જાણવા છતાં કોઈપણ પ્રકારના ફાયર સેફ્ટીના સાધનો રાખ્યા વગર ગેરકાયદેસર બાયોડીઝલ આઉટલેટ ડિસ્પેન્સરી પંપ બનાવી ગેરકાયદેસર રીતે બાયોડિઝલ નો વેપાર કરે છે જેને પગલે સાબરકાંઠા એલસીબી ટીમ તથા એન બી રાઠોડ નાયબ મામલતદાર પુરવઠા વિભાગ હિંમતનગર સ્ટાફની ટીમે ગામડી ગામની સીમમાં રાધે આઈસ્ક્રીમ નામની આઈસ્ક્રીમ પ્લાન્ટ ની બાજુમાં બહારના ભાગે આવેલ પતરાના શેડ માં જઈ તપાસ કરતાં ત્યાં હાજર પ્રતાપભાઈ મણિભાઈ પ્રજાપતિ રહે સરીયદ તાલુકો જીલ્લો પાટણ ની સાથે રાખી બાયોડીઝલ ના વેચાણ અંગે ના દસ્તાવેજી આધાર પુરાવાઓ માંગતા પોતાની પાસે નહીં હોવાનું જણાવતા સદર જગ્યા ઉપરથી મળી આવેલ બાયોડીઝલ આશરે ૧૨૦૦૦ હજાર લીટર કિં.રૂ.૮૪૦૦૦/- તથા ૦.૫ તથા ૧.૫ એચ.પી ની ઈલેક્ટ્રિક મોટર નંગ-૨ કિં.રૂ. ૧૮૦૦૦/- તથા ઈમ્પેક્ટ કંપનીનું સ્ટેબિલાઈઝર નંગ-૧ તથા ઈમ્પેક્ટ કંપનીનું વોલ્ટેજ ટ્રાન્સફોર્મર નંગ-૧ મળી કિં.રૂ. ૧૦૦૦૦/- તથા આઉટલેટ ડિસ્પેન્સરી પમ્પ તમામ એસેસરી સાથે નંગ-૧ તથા રબરની પાઈપ આશરે ૧૫ ફૂટના બે ટુકડા નંગ-૨ તથા ૩ ઈંચ ની સાઈઝ નો રબર નો પાઈપ આશરે ૩૫ ફૂટ નંગ-૧ કિ.રૂ. ૩૫૦૦/- મળી કુલ રૂ. ૧૦૦૮૦૦૦/- નો મુદ્દામાલનો જથ્થો ગેરકાયદેસર રીતે બાયોડીઝલ ના વેચાણ સારું રાખેલો હોવાથી જગ્યાની વધુ તપાસ માટે સીઝ કરી આરોપી પ્રતાપભાઈ મણિભાઈ પ્રજાપતિ રહે. સરીયદ તાલુકો - જીલ્લો - પાટણ તથા તેના ભાગીદાર પ્રકાશભાઈ સોમાભાઈ જોશી રહે. સીરીયદ તાલુકો - જીલ્લો - પાટણ વિરુદ્ધ ગાંભોઈ પોલીસ મથકે ગુનો દાખલ કરાવી કાયદેસરની કાર્યવાહી સાબરકાંઠા એલસીબી પોલીસે હાથ ધરી હતી

## તક્ષશિલા વિદ્યા કેમ્પસ-બાયડમાં ૩૧મા ડૉક્ટર્સ-ડેની ઉજવણી

**ડૉક્ટરોનું સન્માન કરાયું**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

અરવલ્લીની જાણીતી શૈક્ષણિક સંસ્થા તક્ષશિલા વિદ્યા કેમ્પસ-બાયડમાં તા.૧ જુલાઈના રોજ ૩૧મા ડૉક્ટર્સ-ડે ની ઉજવણી પૂર્વ ધારાસભ્ય ડૉ.મહેન્દ્રભાઈ એસ. પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવી. જેમાં કોરોનાના કપરા કાળમાં કોરોના વોરિયર્સ તરીકે શ્રેષ્ઠ ભૂમિકા અદા કરનાર તાલુકાના ૧૦ ડૉક્ટર ડૉ.ધર્મેશભાઈ પરમાર(તાલુકા હેલ્થ અધિકારી-બાયડ), ડૉ.મેહૂલભાઈ શાહ, ડૉ.દિપેશભાઈ પટેલ, ડૉ.જતિનભાઈ દવે, ડૉ.નિરવભાઈ પટેલ, ડૉ.ભાવિકભાઈ પટેલ, ડૉ.કેતૂલભાઈ રાવલ, ડૉ.વશિષ્ઠ મહેન્દ્રભાઈ પટેલ, ડૉ.હેત્વી હાર્દિકભાઈ પટેલ, ડૉ.સાર્થક સુનિલભાઈ શાહનું સન્માન કરવામાં આવ્યું હતું. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી અતુલભાઈ પટેલે ડૉક્ટર્સ-ડે ની ઉજવણી તેમજ છેલ્લા ૧૫ મહિનાથી સમગ્ર દેશને કોરોનાએ સકંજામાં લીધો ત્યારે ઉપસ્થિત ડૉક્ટરોએ પોતાના જીવ અને પરિવારની પરવા કર્યા વગર કોરોનાગ્રસ્ત દર્દીઓની સેવા કરી સાચા અર્થમાં કોરોના સામે લડત લડનારા યોદ્ધા સાબિત થયા છે તેમના સન્માનનો હેતુ જણાવ્યો હતો. કાર્યક્રમમાં સંસ્થાના ડાયરેક્ટર તપન પટેલ, રેખાબેન પટેલ, ધૈર્ય પટેલ, પ્રેક્ષાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ડૉક્ટર્સ-ડે ઉજવણીનું આયોજન સંલગ્ન શૈક્ષણિક સંસ્થાઓના આચાર્ય અને સ્ટાફ દ્વારા કરવામાં આવ્યો હતો.




## મોયદની પરિણિતાને મહેણા ટાંણા માર મારતા પાંચ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ

પ્રાંતિજ તા.૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના મોયદ ની પરણિતા એ પતિ સહિત પરિવારના પાંચ સભ્યો સામે પોલીસ ફરિયાદ કરી. પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ મોયદની પરિણીતા અને ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકા ના ખડાત ની દિકરી લલીતાબેન રમેશભાઈ ચમારના લગ્ન સમાજ ની રીતરીવાજ મુજબ તા.૧૫।૨।૨૦૧૯ ના રોજ સમાજના રીતરીવાજ મુજબ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મોયદ રૂપાજી ખાતે રહેતા મહેશકુમાર ડાહ્યાભાઈ સોલંકી સાથે થયા હતા અને લગ્ન જીવનના બે વર્ષ બાદ પણ લલીતાબેન ને કોઇ સંતાન ના થતા સાસુ મધુબેન, નણંદ મિનાબેન દિયર પરેશભાઇ, દિયર રાજેશકુમાર દ્વારા પરિણીતાના પતિ મહેશ કુમારને નાની નાની વાતોમાં ચડામણી કરી ફરીયાદી લલીતાબેન ને માર મારતા અને શારીરિક માનસિક ત્રાસ આપતા અને દવાઓ ચાલુ હોત તે માટે પણ દવાના પૈસા તારા બાપને ઘરે થી લઈ આવ કહેતા અને હુ ઘરે ટીવી જોતી હતી અને મારા પતિ ઘરે આવી ટીવીટીવી બંધ કરી મા-બહેન સામે ગાળો બોલી માર મારવા લાગેલ અને મારા બન્ને દિયર તથા સાસુ અને નણંદ મને મહેણા ટોણા મારી તારા બાપ ને ઘરે જતી રહે નહી તો જાનથી મારી નાખીશુ કહી મને મારા પતિએ મારમારી રાત્રે મારા પિયર ખડાત મુકી ગયેલ તો મારા પિતા રમેશભાઇ મને પ્રાંતિજ સિવિલ ખાતે દવાખાને સારવાર અર્થે લઈ ગયા હતા અને દવા લઈને પીડિતા મહિલા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં જઇ ને પતિ-મહેશકુમાર ડાહ્યાભાઈ સોલંકી, દિયર-પરેશકુમાર ડાહ્યાભાઈ સોલંકી, દિયર-રાજેશકુમાર ડાહ્યાભાઈ સોલંકી , સાસુ-મધુબેન ડાહ્યાભાઈ સોલંકી, નણંદ- મીનાબેન ડાહ્યાભાઈ સોલંકી કુલ-પાંચ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસે ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી.

## પ્રાંતિજ આઇ.ટી.આઈમાં બે કર્મચારીઓ નિવૃત્ત થતા વિદાય સમારંભ યોજાયો

પ્રાંતિજ તા.૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ કેળવણી મંડળ સંચાલિત સી.એસ. દેસાઈ ટેકનિકલ ઈન્સ્ટીટયુટ સંસ્થા ના બે કર્મચારીઓ વય મર્યાદા ને લઈ ને નિવૃત થતા વિદાય સમારંભ યોજાયો. પ્રાંતિજ રેલવેસ્ટેશન વિસ્તાર માં આવેલ શ્રી કેળવણી મંડળ સંચાલિત આઇ.ટી.આઇ ખાતે છેલ્લા ૩૫ વર્ષ થી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા આર.એમ.વાઘેલા તેમજ શ્રીમતી જી. એસ. પંડયા સરકારી ધારાધોરણ મુજબ વય મર્યાદા ને લઈ ને નિવૃત થતા સાથી કર્મચારીઓ સંસ્થા દ્વારા નિવૃત્ત થઈ રહેલ બન્ને કર્મચારીઓનો વિદાય સમારંભનુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા મંડળ ના સભ્ય જયંતિભાઈ પટેલ તથા નિત્યાનંદ બ્રહ્મભટ્ટ સહિત આઈ.ટી.આઈ સ્ટાફ તથા નિવૃત્ત થઈ રહેલ બન્ને કર્મચારીઓના સંગાસંબધીઓ ઉપસ્થિત રહ્યા હતા અને નિવૃત્ત થઈ રહેલ આર.એમ.વાઘેલા તથા શ્રીમતી ગીતાબેન. એસ.પંડયા ને શાલ શ્રીફળ મોમેન્ટો આપી ને શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવવામા આવી હતી.



## નેશનલ ડૉક્ટર્સ-ડે : શ્વેત વસ્ત્રોમાં સિપાહી, રોગ સામે લડતા યોદ્ધાને સલામ

**ડૉ.દર્શન પટેલ, બાયડની કેશવ હોસ્પિટલમાં કોરોનાના જડબામાં ફસાયેલા હજારો દર્દીઓને સાજા કર્યા : સળંગ બે મહિના સુધી દિવસ-રાત જોયા વગર દર્દીઓની સેવા, અનેક રાત્રિ કન્સલ્ટીંગ રૂમમાં પસાર કરી**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

તા.૧ જુલાઈ, નેશનલ ડૉક્ટર્સ-ડે તરીકે ઉજવાઈ અનેક લોકોએ પોતાના ફેમીલી ડૉક્ટર તેમજ ડૉક્ટર મિત્રોને શુભેચ્છા પાઠવી પરંતુ છેલ્લા ૧૫ મહિનામાં સમગ્ર વિશ્વ સ્તબ્ધ બની ગયું, કોરોના વાયરસની મહામારીમાં જીવની પરવા કર્યા વગર કોરોનાના જડબામાં ફસાયેલા દર્દીઓની સેવા કરી છે એવા ડૉક્ટરોને યાદ કરવા જોઈએ. બાયડની કેશવ હોસ્પિટલના ડૉ.દર્શન એસ. પટેલે પાછલા ૨ મહિના દરમ્યાન કણસતા કોરોનાગ્રસ્ત હજારો દર્દીઓને સાજા કર્યા. લોકો ભગવાન પછી પૃથ્વી પરના ડૉક્ટરને ભગવાનનો દરજ્જો કેમ આપે છે..?? તે અનેક દર્દીઓ અને કોરોના વોરિયર્સ બનેલા ડૉ.દર્શન પટેલે જે રીતે કોરોનાગ્રસ્ત દર્દીઓની ખડેપગે રહીને સેવા કરી અને દર્દીઓ સાજા થઈને ઘરે ગયેલા દર્દીઓ શ્વેત વસ્ત્રોમાં સિપાહી, રોગ સામે લડતા યુદ્ધ, કદી નહીં ચૂકવાય ઋણ તમારૂ, તૈનાત રહો છો દર્દી પાસે, પૃથ્વી પરના ભગવાન કહેવાવ છો, ડૉક્ટર યોદ્ધા તમને સલામ એવા શબ્દો સાથે ડૉક્ટરને વંદન કરી રહ્યા છે.



ચીનના વુહાન શહેરથી સમગ્ર વિશ્વમાં પ્રસરેલા કોરોના દહેશતનો માહોલ હતો ત્યારે બાયડના શ્રીજીદાદા કોમ્પલેક્ષમાં આવેલ કેશવ હોસ્પિટલમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની લાઈનો લાગતી હતી. દરરોજ અસંખ્ય દર્દીઓ સારવાર માટે આવતા. જરૂર જણાય તે દર્દીઓનો હોસ્પિટલમાં દાખલ કરાતા અન્યના ડૉ.દર્શન પટેલ દ્વારા જરૂરી દવાઓ લખી આપાવામાં આવતી. હોસ્પિટલમાં નાત, જાત, અમીર-ગરીબના ભેદભાવ વગર કેટલાક દર્દીઓને ઘરે પહોંચાડવાની વ્યવસ્થા પણ કરવામાં આવી. કોરોનાના કપરા કાળમાં અનેક વિસ્તારોમાં ડૉક્ટરો દ્વારા ઉઘાડી લૂંટ થતી હોવાના આરોપ લાગ્યા તેવા સમયે બાયડના ડૉ.દર્શન પટેલે પોતાનો વતન પ્રેમ અને માનવતા દેખાડીને ડૉક્ટરના વ્યવસાયને સૌના દિલમાં અલગ જગા ઉભી કરી. શિક્ષક દંપતિ સુરેશકુમાર કે. પટેલ અને ભારતીબેન પટેલે પણ પોતાના સંતાનોને હંમેશાં લોકસેવા કરવાનો ગુરૂમંત્ર આપ્યો હતો તેને સાચા અર્થમાં સિદ્ધ કરી દેખાડ્યો છે. એક સમય એવો હતો કે રેમડેસિવર ઈન્જેક્શનની રાજ્યમાં અછત ઉભી થઈ પરંતુ ડૉ.દર્શન પટેલની હોસ્પિટલમાં જરૂરીયાતમંદ દર્દીને સરળતાથી

### કોરોનાથી ડિપ્રેશનમાં આવેલા દર્દીઓને માનસિક હિંમત આપી

બાયડ : બાયડની કેશવ હોસ્પિટલના ડૉક્ટર દ્વારા કોરોનાના કપરા કાળમાં સંક્રમિત દર્દીઓની સારવાર કરવાની સાથે ડિપ્રેશનમાં આવેલા દર્દીઓને માનસિક હિંમત આપી સારવાર સાથે મોટીવેટ કરવામાં આવતાં તેના સારા પરિણામે અસંખ્ય દર્દીઓ ઝડપથી કોરોનાને હરાવવામાં સફળ રહ્યા છે.

### સાજા થયેલા ગરીબ દર્દીઓએ દિર્ઘાયુષ્યના આશીર્વાદ આપી આરતી ઉતારી

બાયડ : સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોના જીવલેણ સાબિત થતો હતો. જિલ્લાના અનેક વિસ્તારોમાં ટપોટપ દર્દીઓ મોતને ભેટતા હતા. બાયડની કેશવ હોસ્પિટલમાં સસ્તા દરની સારવારથી અનેક દર્દીઓ સાજા થયા, ઘરે પહોંચ્યા પરંતુ તેમને હોસ્પિટલમાં જે પ્રેમ અને વાત્સલ્ય મળ્યું તેનાથી ગદગદીત બન્યા. ગરીબ દર્દીઓ માટે શિક્ષક માતા-પિતાના આશીર્વાદ અને સૂચનથી ભોજન તેમજ મફત દવાની વ્યવસ્થા કરી. સાજા થયેલા દર્દીઓએ ડૉ.દર્શન પટેલને દિર્ઘાયુષ્યના આશીર્વાદ આપી આરતી પણ ઉતારી હતી. આવા દ્રશ્યો કળીયુગમાં જવલ્લેજ જોવા મળે છે.

સગાઓને સમજાયું. સળંગ બે મહિના સુધી દિવસ-રાત, ભૂખ-તરસ જોયા વગર દર્દીઓની સેવા કરી, અત્યંત ગરીબ પરિસ્થિતિવાળા દર્દીઓને મફત દવા-સારવારની સાથે ભોજન અપાયું. દર્દીઓની સંખ્યા વધી જાય એટલે અનેક રાત્રિ કન્સલ્ટીંગ રૂમમાં જ પસાર કરી. સાચા અર્થમાં વાયરસે અનેક દેશોને તબાહ કરી નાખ્યા. ભારતમાં પણ તેની ઘાતક અસર જોવા મળી. કોરોનાની પ્રથમ લહેરમાં મૃત્યુઆંક ઓછો રહ્યો પરંતુ એપ્રિલ મહિનામાં કોરોનાની બીજી લહેર શરૂ થઈ. કોરોના ઘાતક બન્યો. સરકારી, ખાનગી કોવિડ હોસ્પિટલમાં બેડ-ઓક્સિજન ખૂટી પડ્યા. સર્વત્ર અફરા તફરી અને કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર શરૂ કરી અનેક ગરીબ પરિવારના દર્દીઓની હાલત જોઈ ડૉ.દર્શન પટેલે તેમના માટે મફત સારવાર અને દવાઓ ઉપલબ્ધ કરાવી અને ઈન્જેક્શન મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવી અને જરૂર જણાય તો જ ઈન્જેક્શનનો ઉપયોગ કરાતો હતો જેના કારણે અનેક દર્દીઓ મામૂલી ખર્ચમાં સાજા થઈને ઘરે ગયા.

## આવ રે વરસાદ.. જિલ્લામાં વરસાદ ખેંચાતાં વહેલું વાવેતર કરનારા ખેડૂતો મૂંઝવણમાં

**વરસાદનો અભાવ, અસહ્ય બફારાથી બિયારણ બળવાની ચિંતા**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧
સાબરકાંઠા, અરવલ્લી

જિલ્લામાં ચાલુ વર્ષે ૯૧,૦૦૦ હેક્ટર જમીનમાં ખરીફ વાવેતર થયા પછી વરસાદ ખેંચાતાં વહેલું વાવેતર કરનારા ખેડૂતો મૂંઝવણમાં મૂકાયા છે. એક તરફ વરસાદનો અભાવ અને અસહ્ય બફારો હોવાના કારણે ખેતરમાં વાવેતર કરેલ બિયારણ બળવાની ચિંતા ખેડૂતોને સતાવી રહી છે. કેટલાક વિસ્તારોમાં તો કપાસ અને મગફળીનું વાવેતર થયો પછી સિંચાઈનાં પાણી છોડવાની ખેડૂતોને ફરજ પડી છે.

જિલ્લામાં ચોમાસા પૂર્વે વરસાદની અનેક આગાહીઓ થઈ હતી. હવામાન વિભાગની કેટલીક આગાહીઓ વિષમ હવામાને ખોટી સાબિત કરી છે પરંતુ આ વખતે ધાર્યા કરતાં પણ વહેલો વરસાદ વરસ્યો છે. તાઉતે વાવાઝોડાની ઈફેક્તથી ખરીફ વાવેતર પૂર્વે હવામાનમાં બદલાવ જોવા મળ્યા. સિંચાઈની સુવિધા ધરાવતા વિસ્તારોમાં એક પછી એક કમોસમી માવઠાં વરસ્યાં જેના કારણે ખેડૂતોએ ચોમાસાની વિધિવત શરૂઆત સમજી વાવેતર કર્યુ. કપાસ, મકાઈ, મગફળી અને દિવેલાનું વાવેતર કરવા માટે ખેડૂતો ઉત્સાહીત બનતાં ચાલુ વર્ષે સીઝનની શરૂઆતમાં ૧૪ તાલુકામાં ૯૧,૦૦૦ હેક્ટર જમીનમાં ખરીફ વાવેતર નોંધાયું પરંતુ છેલ્લા કેટલાક દિવસથી આકાશમાં વાદળછાયું વાતાવરણ જોવા મળે છે પણ વરસાદ વરસતો નથી જેથી ખેડૂતો મૂંઝવણમાં મૂકાયા છે. એક સપ્તાહ અગાઉ બંન્ને જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો અને જમીનમાં વાવેતરને યોગ્ય ભેજ થયો જેથી ખેડૂતોએ વાવેતર કર્યુ પરંતુ હવે વરસાદની જરૂરીયાત છે પરંતુ વરસાદ વરસતો નથી જેથી સિંચાઈનાં પાણી આપી બિયારણ બચાવવાના પ્રયાસો ખેડૂતોએ શરૂ કર્યા છે.

### રતનપુરકંપામાં સાપ કરડતાં ખેતમજૂરનું મોત: ચોમાસાના આરંભ સાથે સર્પો કોપાયમાન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

બાયડ તાલુકાના રતનપુરકંપાના સીમાડામાં ખેતમજૂરી કરતા જયેશ કાન્તિભાઈ નાયકા (ઉ.૩૦ વર્ષ)ને રાત્રિના સમયે ઝેરી સાપ કરડતાં સ્થળ ઉપર મોત નિપજ્યું હતું. સર્પદંશનો ભોગ બનનાર ખેતમજુરને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાના પ્રયત્નો થાય તે અગાઉ શરીરમાં કાળોતરાનું ઝેર પ્રસરી જતાં પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. બનાવ અંગે બાયડ પોલીસે એડી. નોંધી તપાસ શરૂ કરી છે.

ચોમાસના આરંભ સાથે સર્પો કોપાયમાન બન્યા છે. બિનઝેરી કરતાં અત્યંત ઝેરી ગણાતા કોબ્રા સહિતના સર્પોનો ઉપદ્રવ વધતાં સર્પદંશથી મૃત્યુના બનાવ શરૂ થયા છે. છોટાઉદેપુર જિલ્લાના યુનિયાવાંટ વિસ્તારના ખેતમજુર જયેશ નાયકા છેલ્લા કેટલાક સમયથી બાયડ તાલુકાના રતનપુરકંપામાં કચ્છી પાટીદારના ખેતરમાં કામ કરી રહ્યા છે. તા.૩૦ના રોજ રાત્રિના સમયે તે આકોડીયા થી ફતેપુર ગામની સીમમાં આવેલા ખેતરમાં રહેઠાણના સ્થળે કામ કરતા હતા જે સમયે ઝેરી સાપ કરડી ગયો હતો. ખેતમજૂરને સાપ કરડતાંની સાથે તે તિવ્ર વેદનાથી ચિત્કારી ઉઠ્યો હતો. આસપાસમાંથી ત્યાં દોડી આવેલા અન્ય નાયકા પરિવારના સભ્યો સર્પદંશનો ભોગ બનેલા ખેતમજુરને લઈ હોસ્પિટલમાં પહોંચે તે અગાઉ જ મોત નિપજ્યું હતું. બનાવ અંગે મગરીયાભાઈ કાન્તિભાઈ નાયકાની ખબરના આધારે બાયડ પોલીસે એડી. નોંધી છે.

## જન્મદિને વધામણી



યક્ષ યતિનભાઈ પટેલ
ડેમાઈ, તા.બાયડ



અલ્પાબેન કનુભાઈ વણકર
કાવઠ, તા.કપડવંજ



પંકજ પી. શાહ
(ફાર્માસીસ્ટ)
કપડવંજ (આકરૂન્દ)



વિનોદભાઈ ભાવસાર,
પત્રકાર (હોટલ પૂર્ણિમાવાળા)
મોડાસા, જિ.અરવલ્લી



હિતેષ એચ. દેસાઈ
બાયડ, જિ.અરવલ્લી



ધવલભાઈ આર. પટેલ
(પ્રા.શિક્ષક)
પેટલાદ (બાયડ)



ઉમંગ વાળંદ
બાયડ, જિ.અરવલ્લી



રાજેશ ભોઈ
બાયડ, જિ.અરવલ્લી



જીજ્ઞેશ એમ. દરજી
(ગોકુલેશ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



વિશાલ ચૌધરી
(મંત્રી : જયઅંબે મંદબુદ્ધિ મહિલા સેવા ટ્રસ્ટ)
બાયડ, જિ.અરવલ્લી



હેત ચેતનભાઈ પટેલ
(સ્વામિનારાયણ સોસાયટી)
બાયડ (ડેમાઈ)



ભાવિતાબેન રોનકભાઈ પટેલ
(પ્રા. શિક્ષક)
આણંદ (બાયડ)



જબ્બરસિંહ એસ. રાજપૂરોહીત
(શ્રદ્ધાપાર્ક સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



ચેતન શાહ
(કોટીયર્ક સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



કનિષ રોનકકુમાર પટેલ
કઠવાડા, તા.તલોદ



ચંદ્રેશભાઈ એલ. શાહ
(લક્ષ્મી મોબાઈલ) (શ્રીજીચરણ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



દિલીપભાઈ કે. દરજી
(નાનીબા હાઈસ્કુલ-બાયડ) (વ્રજગાર્ડન સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



ઘરમાં રહો, સુરક્ષિત રહો